વર્ગ-૩ અને વર્ગ-૪ ની જગ્યાઓ ઉપર કરાર આધારે ફીક્સ પગારથી નિમણૂક આપવા બાબત.

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંક:- ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૩)/ઝ.૧
સચિવાલય,ગાંધીનગર.
તારીખ:- ૨૮/૩/૨૦૧૬

વંચાણે લીધા:-

(૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૪/૦૬/૨૦૦૯નો ઠરાવ ક્રમાંક:-સીઆરઆર/૧૧/૨૦૦૮/૪૩૩૭૧૭/ગ.૫
(૨) નાણા વિભાગનો તા.૨૦/૧૦/૨૦૧૫નો ઠરાવ ક્રમાંક:-ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)ઝ૧
(૩) નાણા વિભાગનો તા.૦૧/૦૧/૨૦૧૬નો ઠરાવ ક્રમાંક:-ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)ઝ૧

// ઠરાવ //

સામાન્ય વહીવટ વિભાગના વંચાણમાં લીધેલા ક્રમ-(૧) સામેના તા.૦૪/૦૬/૨૦૦૯ના ઠરાવથી વર્ગ-૩ અને વર્ગ-૪ ની જગ્યાઓ ઉપર કરાર આધારીત ફીક્સ પગારથી નિમણૂક આપવા બાબતની શરતો અને બોલીઓ નિયત કરવામાં આવેલ. ત્યારબાદ વંચાણમાં લીધેલા ક્રમ-(૨) અને (૩) સામેના ઠરાવથી તેમાં સુધારો કરવામાં આવેલ છે, તેને ધ્યાને લેતાં વંચાણમાં લીધેલા સામાન્ય વહીવટ વિભાગના તા.૦૪/૦૬/૨૦૦૯ના ઠરાવ સાથેના પત્રક-૧ થી નિયત કરવામાં આવેલ સેવાની શરતો અને બોલીઓ આથી રદ કરવામાં આવે છે. તેના બદલે આ સાથે પત્રક-૧ મુજબની સેવાની શરતો અને બોલીઓ ધ્યાને લેવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી. પી. પટેલ)
નાયબ સચિવ
નાણાં વિભાગ

બિડાણ - પત્રક-૧ અને ૨

(પાછળ)

પ્રતિ

- માનનીય રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
- માનનીય મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માનનીય મંત્રીશ્રીઓ/રાજયકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી
- માનનીય વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર
- સચિવશ્રી, ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો
- (ખાતાના વડાઓ/કચેરીઓના વડાઓને પરિપત્રિત કરવાની વિનંતી સાથે)
- એકાઉન્ટ જનરલ-૧ (ઓડિટ) ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
- એકાઉન્ટ જનરલ-૨ (એ.એન્ડ ઇ.) ગુજરાત રાજ્ય, અમદાવાદ/રાજકોટ
- હિસાબી અને તિજોરી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર
- નિરીક્ષકશ્રી, સ્થાનિક હિસાબ ભંડોળ, હિસાબની કચેરી, ગાંધીનગર
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ડ ફંડની કચેરી, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર
- સર્વે જિલ્લા સહાયક નિરીક્ષકશ્રીઓ
- નિવાસી તપાસણી અધિકારીશ્રીઓ, અમદાવાદ / ગાંધીનગર
- નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/શાખાઓ
- સીસ્ટમ મેનેજરશ્રી,નાણા વિભાગ વેબસાઇટ ઉપર મુકવા સારૂ
- સિલેક્ટ ફાઇલ ઝ.૧ શાખા

----------------------------------------------------------------------------------

- પત્ર દ્વારા

# પત્રક –૧

કરાર આધારે ફીકસ પગારથી ........................................ વિભાગ હેઠળના ................................ ખાતેના .............................. વર્ગ-૩ ની જગ્યાએ નિમણૂક મેળવનાર કર્મચારીની સેવાની શરતો અને બોલીઓઃ-

(૧) શ્રી/શ્રીમતી/કુ. ....................................ને ...................................., વર્ગ-૩ની જગ્યા ઉપર રૂ!.............../-ના માસિક ફીકસ પગાર + રૂ............./- ખાસ ભથ્થુ ("ખાસ ભથ્થા" ઉપર રૂ.૧૫૦૦/-નો વાર્ષિક વધારો તા.૧-૧૦-૨૦૧૬ થી મળવાપાત્ર) થી તેઓ હાજર થાય તે તારીખથી પાંચ વર્ષના સમયગાળા માટે કરાર આધારે નિમણૂક આપવામાં આવે છે. તેઓ સમાન કક્ષાની કે ઉપલી કક્ષાની ફિક્સ પગારની અન્ય જગ્યાએ જોડાય તો તેઆને ખાસ ભથ્થા સહિતના મહેનતાણાને રક્ષણ આપવામાં આવશે. આ નિમણૂક નામદાર સુપ્રિમકોર્ટમાં નોંધવામાં આવેલ એસ.એલ.પી. નં.૧૪૧૨૪-૧૪૧૨૫/૨૦૧૨ના આખરી ચુકાદાને આધિન રહેશે.

(૨) શ્રી/શ્રીમતી/કુ. ...............................ને સરકારી કર્મચારી તરીકે મળતા લાભો પૈકીના કોઇ લાભો મળવાપાત્ર રહેશે નહીં કે તેઓ આવા લાભોની માગણી કરી શકશે નહીં.

(૩) શ્રી/શ્રીમતી/કુ. ..................................... ને કરારીય સમયગાળા દરમ્યાન સરકારી કામકાજ અર્થે મુસાફરી કરવાના પ્રસંગો ઉપસ્થિત થાય ત્યારે તેમને નાણા વિભાગના તા.૨૦-૧૦-૨૦૧૫ના ઠરાવ ક્રમાંકઃખરચ/ ૨૦૦૨/૫૭/(પાર્ટ-૨)/ઝ.૧ની જોગવાઇ મુજબ મુસાફરી ભથ્થું તથા દૈનિક ભથ્થું મળવાપાત્ર રહેશે.

(૪) (અ) શ્રી/શ્રીમતી/કુ. ..................................... ને કરારીય સમયગાળા દરમ્યાન વાર્ષિક ધોરણે ૧૨ પરચૂરણ રજાઓ મળવાપાત્ર થશે.

(બ) શ્રી/શ્રીમતી/કુ. ..................................... ને કરારીય સમયગાળા દરમ્યાન વાર્ષિક ધોરણે આકસ્મિક સંજોગો માટે ૧૫ ખાસ રજાઓ મળવાપાત્ર થશે. તેમજ પછીના વર્ષમાં આગળ ખેંચી શકાશે પરંતુ આવી રજાઓ ૩૦ થી વધુ જમા થઇ શકશે નહીં. આ રજાઓ કોઇપણ હેતુ માટે વાપરી શકાશે. આ રજાઓ સક્ષમ અધિકારી પ્રાપ્ત રજાના નિયમ મુજબ મંજુર કરી શકશે. આ રજાઓ કેલેન્ડર વર્ષ શરૂ થતાં જાન્યુઆરી માસમાં જમા થશે.

(ક) શ્રી/શ્રીમતી/કુ. ..................................... ને કરારીય સમયગાળા દરમ્યાન પોતાની ગંભીર બિમારી કે અકસ્માતના કારણે થયેલી ગંભીર ઇજાના સંજોગોમાં તેઓને ખાસ રજા મંજૂર કરવા સંબંધિત વિભાગ નાણા વિભાગની મંજૂરી મેળવી રજા મંજૂર કરી શકશે. અને આ રજાના

સમયગાળા દરમ્યાનના નિયમાનુસાર પગાર-ભથ્થા મળવાપાત્ર થશે.

(ક) શ્રીમતી/કુ. ..................................... (મહિલા કર્મચારીઓ) ને કરારીય સમયગાળા દરમ્યાન ગુજરાત મુલ્કી સેવા નિયમો-૨૦૦૨ના નિયમોની જોગવાઇઓ મુજબ પ્રસૂતિ રજાઓ મળવાપાત્ર થશે.

(૫) શ્રી/શ્રીમતી/કુ. ..................................... ને કરારીય સમયગાળા દરમ્યાન ઉપરોક્ત (૪) સિવાયની અન્ય કોઇ રજાઓ મળવાપાત્ર થશે નહીં. તે સિવાય ફરજ પરથી ગેરહાજર રહેશે તો તેવી ગેરહાજરીના દિવસના વેતનની કપાત ફીકસ પગારમાંથી કરી લેવામાં આવશે. તેમજ તેટલો કરારિય સમયગાળો લંબાવવામાં આવશે.

(૬) શ્રી/શ્રીમતી/કુ. ............................................................. નો આ કરારીય સેવાનો સમયગાળો નોકરી વિષયક, સેવા વિષયક કે સરકારની રહેમરાહે નિમણૂકની નીતિ અન્વયે મળવાપાત્ર લાભો માટે ધ્યાને લેવામાં આવશે નહીં.

(૭) શ્રી/શ્રીમતી/કુ.....................................એ શાખા/કચેરીના તુરતના ઉપરી અધિકારી તથા ઉચ્ચ અધિકારીઓ દ્વારા સોંપવામાં આવે તેવી ફરજો અને જવાબદારીઓ નિભાવવાની રહેશે.

(૮) શ્રી/શ્રીમતી/કુ. ....................................................... એ સામાન્ય રીતે કચેરી સમય દરમ્યાન ફરજો બજાવવાની રહેશે. પરંતુ તેમ છતાં સંબંધિત ઉપરી અધિકારી દ્વારા સૂચના આપવામાં આવે ત્યારે તેમણે કચેરી સમય સિવાયના સમયે પણ ફરજો બજાવવાની રહેશે.

(૯) શ્રી/શ્રીમતી/કુ. ........................................................ને સમાન અથવા ઉપલી જગ્યાનો હવાલો સોંપવામાં આવે તો આ ફિક્સ પગારના કર્મચારીને અનુક્રમે મળવાપાત્ર મહેનતાણાના પાંચ ટકા/ દસ ટકા વધારાનું મહેનતાણું મળવાપાત્ર થશે.

(૧૦) શ્રી/શ્રીમતી/કુ. .....................................કરારના નિમણૂકના સમયગાળા દરમ્યાન ગુજરાત મુલ્કી સેવા (વર્તણૂંક) નિયમો, ૧૯૭૧થી વર્તણૂંક અંગેના જે નિયમો નિયત કરવામાં આવેલ છે તે મુજબ વર્તણૂક કરે તે અપેક્ષિત છે.

(૧૧) શ્રી/શ્રીમતી/કુ. ................................................ એ આ સાથે બિડેલ પત્રક-૨ પ્રમાણેની બાહેંધરી આપવાની રહેશે.

(૧૨) શ્રી/શ્રીમતી/કુ. ..................................................... ને નીચેની બાબતો લક્ષમાં લઇ કરારીય સમયગાળા બાદ સંબંધિત જગ્યા ઉપર તે જગ્યાના નિયમિત પગાર ધોરણ રૂા..........................., ગ્રેડ પે-રૂા.............../- માં નિમણૂક આપવા બાબતે વિચારણા કરવામાં આવશે.

(અ) ફીકસ પગારથી નિમણૂક મેળવનાર ઉમેદવારના કરારના સમગ્ર સમયગાળાના મૂલ્યાંકન અહેવાલના આધારે નિયમિત પગાર ધોરણમાં નિમણૂક આપવા બાબતે વિચારણા કરવામાં આવશે.

(બ) શ્રી/શ્રીમતી/કુ. ..................................... કરારના સમયગાળા દરમ્યાન ............................., વર્ગ-૩ ની જગ્યાની નિયત પૂર્વ સેવા તાલીમ અને તાલીમાન્ત પરીક્ષા પાસ નહીં કરે તો તેમને સંબંધિત જગ્યા ઉપર નિયમિત પગાર ધોરણમાં નિમણૂક આપવામાં આવશે નહીં અને તેમની સેવાનો અંત લાવવા અંગેની વિચારણા કરવામાં આવશે.

(ક) શ્રી /શ્રીમતી / કુ. ..................................... (ઉમેદવારનું નામ દર્શાવવું) કરારના સમયગાળા દરમિયાન અથવા કરારના પાંચ વર્ષનો ગાળો પૂર્ણ થતાં તેઓને આપેલ શરતી નિયમિત પગારધોરણની નિમણુંક તારીખથી બે વર્ષની અંદર કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરવાની રહેશે અને તો જ તેઓ નિયમિત નિમણુંકની તારીખંથી પ્રવરતા મેળવી શકશે. જો તેઓ આ સમયગાળામાં કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ ન કરી શકે તો તેમને તાત્કાલિક અસરથી છુટા કરવાના રહેશે. જ્યારે કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરે ત્યારે પ્રવરતા હક્કના રક્ષણ વિના સેવામાં પરત લેવામાં આવશે. એટલે કે તેઓ જે તારીખે કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા પાસ કરે તે તારીખથી નવેસરથી નિયમિત નિમણુંક ગણી તે તારીખથી પ્રવરતા મળવાપાત્ર થશે.

(૧૩) શ્રી/શ્રીમતી/કુ. ..................................... ને ઉપરોકત ક્રમાંકઃ(૧૨)ની જોગવાઇ મુજબ કરારીય સમયગાળા બાદ ............................., વર્ગ-૩ સંવર્ગના નિયમિત પગાર ધોરણ રૂા............ ગ્રેડ પે રૂા.............. માં નિમણૂક આપવામાં આવશે ત્યારે-

(અ) ગુજરાત રાજ્ય સેવા (પગાર સુધારણા) નિયમો, ૨૦૦૯ ના નિયમ-૮ ની જોગવાઇ મુજબ, શીડ્યુલ-બીમાં દર્શાવ્યા મુજબ પે-બેન્ડમાં નિયત થયેલ પગાર + ગ્રેડ પે રૂા................ /- તથા અન્ય નિયંમાનુસારના ભથ્થાંઓ મળવાપાત્ર થશે.

(બ) કરારના સમયબાદ જે તારીખે નિયમિત નિમણૂક આપવામાં આવે તે તારીખથી તેમને સરકારી કર્મચારીને મળવાપાત્ર હોય તેવા તમામ લાભો મળવાપાત્ર થશે તથા સરકારના સરકારી કર્મચારી અંગેના પ્રવર્તમાન તમામ નિયમો તેમને લાગું પડશે.

(૧૪) (અ) જગ્યાના અભાવે કે સક્ષમ સત્તાધિકારી દ્વારા કુદરતી ન્યાયના સિદ્ધાંતો અનુસરી કરવામાં આવેલી તપાસના અંતે પ્રસ્થાપિત થતી ગેરવર્તૂણૂકના કારણોસર અથવા ................................, વર્ગ-૩ની જગ્યાની ફરજો બજાવવા માટેની તેમની યોગ્યતા/ક્ષમતાના અભાવે (કે

જે વાર્ષિક મૂલ્યાંકન અહેવાલોના આધારે પ્રસ્થાપિત થતી હોય) તેમને એક માસની નોટીસ આપી અથવા એક માસનું ફીકસ પગારનું ચૂકવણું કરી નોટીસ આપ્યા સિવાય તેમની સેવાનો અંત લાવી શકાશે. વ્યાજબી કારણો સિવાય સેવાનો અંત લાવવામાં આવે તો તેની સામે સંબંધિત વિભાગના સચિવશ્રીને જે તે કર્મચારી રજુઆત કરી શકશે. આ બાબત તા.૧-૧૦-૧૫ પહેલા નિમણુંક પામેલ દરેક ફીક્સ પગારના કર્મચારીઓને પણ લાગુ પડશે.

(બ) કરાર આધારે ફીક્સ પગારના કર્મચારી દ્વારા સ્વેચ્છાએ છુટા થવાના કેસમાં કરારીય સમયગાળા દરમ્યાન એક માસની નોટીસ અથવા રાજીનામું મંજૂર થયા બાદ છૂટા થઇ શકશે. પરંતુ પૂર્વ સેવા તાલીમ અન્વયે જો કોઇ બોન્ડ આપવામાં આવેલ હશે તો તેવા બોન્ડની રકમ પણ તેમણે ચૂકવવાની રહેશે.

(૧૫) શ્રી/શ્રીમતી/કુ. .....................................ની આ પ્રમાણે કરાર આધારે ફીકસ પગારથી નિમણૂક થયા બાદ આ નિયમોમાં કોઇપણ પ્રકારના સુધારા વધારા થાય તો તેઓને તેવા સુધારા લાગુ પડશે.

# -:: પત્રક – ૨ ::-

# -:: બાંહેધરી ::-

આથી હું નીચે સહી કરનાર શ્રી ..........................................................................
રહેવાસી ................................................................................................ જણાવું છું કે, નાણા વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક-ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૩)/ઝ.૧ થી નિયત કરવામાં આવેલ કરાર આધારે ફીક્સ પગારથી નિમણૂક અંગેની સેવાની શરતો અને બોલીઓ મેં વંચાણે લીધેલ છે અને આ શરતો અને બોલીઓ મને સંપૂર્ણપણે કબુલ-મંજુર છે. તથા આ શરતો અને બોલીઓની નકલ પણ મને આપવામાં આવેલ છે. આ શરતો અને બોલીઓ મુજબ નિમણૂક મેળવવા તથા (જે તે જગ્યાનું નામ લખવું) તરીકે ફરજો / જવાબદારી બજાવવા હું સંમત છું. મારી કરાર આધારે ફીક્સ પગારથી (જે તે જગ્યાનું નામ લખવું) તરીકેની નિમણૂકના સમયગાળા દરમ્યાન સરકારી કર્મચારીને મળવાપાત્ર હોય તેવા કોઇ લાભો મને મળવાપાત્ર થશે નહી. તે સાથે હું સંમત છું. અને કરાર આધારે ફીક્સ પગારથી (જે તે જગ્યાનું નામ લખવું) તરીકેની નિમણૂકના સમયગાળા દરમ્યાન સરકારી કર્મચારીને મળવાપાત્ર હોય તેવા કોઇ લાભોની હું માંગણી કરીશ નહી.

ઉપરોક્ત બાંહેધરી હું કોઇપણ જાતના દાબ-દબાણ વિના અને સંપૂર્ણ સભાન અવસ્થામાં શુધ્ધ બુધ્ધિ થી કરૂ છું અને તે મને કબુલ-મંજુર છે. અને તે બદલ આજરોજ હું નીચે સહી કરી નિમણૂક સત્તાને સુપ્રત કરૂ છું.

સ્થળ - ..................................

તારીખ - નિમણૂક મેળવનાર ઉમેદવારની સહી

સ્થળ -

તારીખ - .................. કચેરીના વડા / મહેકમની કામગીરી સંભાળતા અધિકારી (વર્ગ-૨ કે તેથી ઉપરની કક્ષાના) ની સહી

સ્થળ - (૧) ..................................................

તારીખ - (૨) ..................................................

સાક્ષીની સહી